# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

150 YEARS OF CELEBRATING THE MAHATMA


કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ.બનાસકાંઠા

**(ISO 9001:2008 Certified)**

**Phone No.(02742) 257055** **Email Id: bnsdeo@gmail.com**


ક્રમાંક : પરીપત્ર /વશી/૨૦૨૦/ ૨૧૬૮૦ થી ૨૨૨૮૦ તારીખઃ– ૦૨/૧૦/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,તમામ
સરકારી/અનુદાનિત અને બિન અનુદાનિત મા.અને ઉ.મા શાળાઓ તમામ
જિ.બનાસકાંઠા.

**વિષયઃ– શાળા સબંધિત તમામ શૈક્ષણિક અને વહીવટી કામગીરીમાં નિયત કાર્યપધ્ધતિ અનુસરવા બાબત..**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે,શાળાના કર્મચારી તથા વિધાર્થી સંબધિત દરખાસ્તો કે શાળાના પત્રો, માહિતી માટે નિયત કરેલ કાર્યપધ્ધતિ અનુસાર શાળાના જવાબદાર સંબધિત કલાર્કશ્રી કે વર્ગ–૪ના કર્મચારી દ્વારા અત્રેની કચેરીએ મોકલવાની થાય છે. પરંતુ વિધાર્થીઓ સબંધિત દરખાસ્તો વાલી પોતે અને કર્મચારી સબંધિત દરખાસ્તો કર્મચારી પોતે લઈને આવે છે. અને જે તે શાખામાં સીધી જ રજુ કરી દેવામાં આવે છે. જે ઘણી ગંભીર બાબત છે તો હવે થી શાળાના કર્મચારી કે વિધાર્થી સંબધિત દરખાસ્તો કે પત્રો લઈને વાલી કે કર્મચારીને અત્રેની કચેરીએ મોકલવા નહી.

શાળાના જવાબદાર કલાર્કશ્રી કે વર્ગ–૪ના કર્મચારી સાથે શાળાની ટપાલપોથીમાં નોંધીને રજીસ્ટ્રી શાખામાં રજુ કરવાની રહેશે. અને રજીસ્ટ્રી શાખામાં રજુ કરીને રજીસ્ટ્રી કલાર્કની સહી મેળવી લેવાની રહેશે.

આપની શાળાના કલાર્કશ્રી કે વર્ગ–૪ના કર્મચારી જયારે પણ અત્રેની કચેરીએ આવે ત્યારે સરકારશ્રીની COVID-19 ની ગાઈડ લાઈન અનુસરવાની રહેશે. અને અત્રેની કચેરીના મુલાકાત રજીસ્ટરમાં ફરજિયાત નોંધ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

**નકલ સવિનય રવાના :–**

(૧) માન. નિયામક સાહેબશ્રી, નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૨)માન.કલેકટર સાહેબશ્રી,કલેકટર કચેરી,જોરાવર પેલેસ, પાલનપુર તરફ જાણ સારૂ.

Scanned by CamScanner